# PM Formalisation of Micro food processing Enterprises Scheme

# HANDBOOK OF PREPARATION OF CARROT CAKE





**AATMANIRBHAR BHARAT**


**National Institute of Food Technology, Entrepreneurship and Management (NIFTEM) - Thanjavur**

(an Institute of National Importance; formerly Indian Institute of Food Processing Technology - IIFPT)
Ministry of Food Processing Industries (MoFPI), Government of India
Pudukkottai Road, Thanjavur - 613005
www.niftem-t.ac.in
Ph: 04362-226676, Fax:04362-227971

PMFની

# માઇક્રો ફૂડ પ્રોસેસિંગ એન્ટરપ્રાઇઝ સ્કીમ

# ગાજરની કેક બનાવટ માટેની પુસ્તિકા





## આત્મનિર્ભર ભારત અભિયાન


**National Institute of Food Technology, Entrepreneurship and Management (NIFTEM) - Thanjavur**

(an Institute of National Importance; formerly Indian Institute of Food Processing Technology - IIFPT)

Ministry of Food Processing Industries (MoFPI), Government of India

Pudukkottai Road, Thanjavur - 613005

www.niftem-t.ac.in

Ph: 04362-226676, Fax:04362-227971

## પી.એમ.એફ.એમ.ઇ. સ્કીલ્ ટ્રેનિંગ

## ગાજરની કેક બનાવટ


| સમાવિષ્ટો | |
|---|---|
| ૧ | પરિચય |
| ૨ | કેક ઉદ્યોગનો મહત્વ |
| ૩ | કેક અને તેનું વર્ગીકરણ |
| ૪ | કેક તૈયાર કરવાની પદ્ધતિઓ |
| ૫ | ઘટકોના કાર્ય (ફંકશન) |
| ૬ | કેક બનાવતી વખત રાખવામાં આવતી કાળજીઓ |
| ૭ | ગાજરની કેક અને તેની પ્રક્રિયા |
| ૮ | કેકની ખામી અને તેના ઉપાય |
| ૯ | ઉત્પાદકો ને આવતા પડકારો અને તેને કાબુમાં રાખવાની પદ્ધતિઓ |
| ૧૦ | કેકના બેકિંગ માટે વાપરતા સાધનોની તકનીકી લાક્ષણિકતાઓ |
| ૧૧ | પેકેજિંગ અને તેના કાર્ય |
| ૧૨ | સંગ્રહ દરમિયાન કેકમાં થતા ફેરફારો |
| ૧૩ | કેકના પેકેજિંગ માટે વાપરતી સામગ્રી અને તેના ફાયદાઓ |
| ૧૪ | કેકની સંગ્રહ શક્તિમાં વધારો કરવા માટેની તકનીકો |
| ૧૫ | પેકેજિંગ શૈલીઓ અને તેના માટે ઉપયોગમાં આવતા સાધનો |
| ૧૬ | કેક માટે ઉપયોગમાં આવતા મોડિફાઇડ એટમોસફેરિક પેકેજિંગ |
| ૧૭ | કેક પેકેજિંગ માટે ઉપયોગમાં આવતી જરૂરિ સામગ્રી |
| ૧૮ | એફ.એસ.એસ.એ.આઈ. ની (FSSAI) લેબલિંગ કાયદા અને સાધનો |
| ૧૯ | એફ.એસ.એસ.એ.આઈ. નાં પરવાના અને આયોજન |
| ૨૦ | એફ.એસ.એસ.એ.આઈ. ની નોંધણી |
| ૨૧ | ગાજર કેક માટે એફ.એસ.એસ.એ.આઈ. ના ધોરણો |
| ૨૨ | ખાદ્ય ઉત્પાદક/પ્રોસેસર/હેન્ડલર માટે સેનિટરી અને આરોગ્યપ્રદ આવશ્યકતાઓ |

## પરિચય

બેકરી ઉત્પાદનો માં કેકનું મહત્વનું સ્થાન છે. દેશમાં ઉત્પાદિત બેકરી ઉત્પાદનોના કુલ ઉત્પાદન માં કેકનો ફાળો લગભગ ૧૫% છે. જ કે કુલ મૂલ્યના ૩૦% થી વધુ ફાળો આપે છે. ભારતમાં કેકનું ઉત્પાદન ૦૫ લાખ ટન થવાનો અંદાજ છે અને તે વાર્ષિક ૧૦% ના દરે વધવાની ધારણા છે.

કેક એક બેકરી ઉત્પાદ છે, જે વધારે નરમ અને સ્તિથીસ્થાપક પોત ધરાવે છે. અને તેમાં ફેટની માત્રા (૪૦-૬૦%) હોય છે. તેમાં પોષક ગુણવત્તા પણ સારી છે, કારણ કે તેમાં ઇંડા, દૂધ, ફળો, બદામ વગેરે શામેલ હોય છે. બ્રેડ અને બિસ્કિટ જેવી અન્ય બેકરી ઉત્પાદનોથી અલગ છે, જે કણકમાંથી બનાવવામાં આવે છે, અને કેક બૅટરમાંથી બનાવવામાં આવે છે. કેક મુખ્યત્વે હવા દ્વારા લીવેન્ડ (leavened) કરવામાં આવે છે. જે મિશ્રણ દરમિયાન બૅટર માં સમાવિષ્ટ કરવામાં આવે છે. જો કે કેમિકલ લીવિંનીગ એજન્ટોનો ઉપયોગ પણ લીવિંનીગ કરવા માટે આવે છે. બૅટરમાં હવાને રોકાણનું કામ ઇંડાનું ઉપયોગ ને કારણે થાય છે. મૂલ્યવર્ધન કરવાથી કેકની વિશાળ શ્રેણી અને પોષક ગુણવત્તાવાળું કેકની બનાવટો બનાવી શકાય છે.

ગાજર (*Daucus carota L.*) એ સસ્તું અને વધારે પૌષ્ટિક છે, કારણ કે તેમાં વધુ કક્ષાનું કેરોટીનનું હોય છે. ગાજર એ વિટામિન બી-૧, બી-૨, બી-૬ અને બી-૧૨ અને કેરોટીન થી સમૃદ્ધ છે. ગાજરમાં વિટામિન-એ ૨૦૫૫ થી ૯૧૦૦ આઈ.યુ./૧૦૦ગ્રા. વચ્ચે હોય છે. ઉચ્ચ કક્ષાનું કેરોટીનનું સેવન કરવાથી ઘણા કેન્સરનું જોખમને ઓછું કરે છે. ખાસ કરીને પ્રોસ્ટેટ કેન્સર. વિટામિન-એ એક એન્ટીઓકસીડન્ટ તરીકે કામ કરે છે, જેથી પેશીઓની વૃદ્ધિ અને સુધારવાનું કામ કરે છે, અને શરીરને ચેપ સામે લડવામાં, આંખોને સ્વસ્થ રાખવામાં અને ફેફસાઓની પેશીઓ માટે પોષક છે, તેમજ ત્વચાને પણ મદદરૂપ થાય છે. ગાજરમાં કેરોટિનોઇડ્સ, (ડાયએટરી) ફાઇબર વધુ હોય છે. ગાજરમાં કેલ્શિયમ, પોટેશિયમ અને ફોસ્ફરસનો માત્રા પુરતી હોય છે.

ગાજરનું કેકમાં મૂલ્યવર્ધન કરવાથી એના થતા બગાડ ઘટાડી શકાય છે. જે ખેડૂતોની અવાક માટે સારું વળતલ આપી શકે છે.

**કેક બનાવવાની પદ્ધતિઓ**

**કેક બેક કરવાની ચાર મૂળભૂત પદ્ધતિઓ નીચે મુજબ છે.**

૧. ખાંડ બૅટર પદ્ધતિ
૨. મેંદા બૅટર પદ્ધતિ
૩. જીનોઇઝ/સ્પોન્જ પદ્ધતિ
૪. ઓલ ઇન વન પદ્ધતિ

## ૧. ખાંડ બૅટર પદ્ધતિ

ફેટ અને ખાંડ મિક્સરના સહાયથી મધ્યમ ગતિએ ક્રિમ તૈયાર કરવાથી રસાળદાર (ફ્લફ્ફિ) અને લાઇટ રંગનું બને ત્યાં સુધી કરવાનું રહે છે. આ દરમિયાન, નાના એર સેલ (કોષો) રચાય છે, જે ક્રિમ મિશ્રણમાં હોય છે. આ કરવાથી મિશ્રણના આકાર વધે છે અને હલકું બને છે. આ તબક્કે યોગ્ય ક્રીમિંગ કરવાનો સમય ઘણા બધા પરીબળો પર આધારિત હોય છે, જે નીચે મુજબ છે.

૧. ફેટનું તાપમાન
૨. મિક્સિંગ મશીનની ગતિ – વધુ ગતિ ઘર્ષણ પેદા કરે છે અને જેના લીધે મિશ્રણના પ્રાથમિક તબક્કામાં રચના થયેલા અને સંકળાયેલા હવાના કોષોની સંખ્યાને નાશ કરે છે.

બીજા તબક્કા દરમિયાન ઇંડા ઉમેરવામાં આવે છે, જેનાથી સારૂ ક્રીમિંગ મળે શકે છે. ઇંડામાં આવેલ પીળા કલરના ચકમાં ફેટ હોય છે, તે ક્રીમિંગ દરમિયાન બનેલા સેલને (રચાયેલી કોષોની) ઉપરથી કોટ કરે છે, અને કોષોને કર્ડલિંગ વગર ઉમેરવામાં આવેલ દ્રાવણને પકડી રાખે છે. હકીકતમાં, યોગ્ય તાપમાને ઈંડા સતત ઉમેરવાથી ઇમલશનનું મિશ્રણ જાળવવા માટે પૂરતી એનર્જિ પૂરી પાડે છે. જ્યારે બધા ઇંડા ક્રિમ માં ઉમેરવામાં આવે ત્યારે, વેનીલા એસેન્સ જેવી સામગ્રી ઉમેરી શકાય છે. મિશ્રણની ક્રીમિંગ પદ્ધતિના અંતિમ તબક્કામાં, મેંદાને ક્રિમ સાથે ઉમેરવામાં આવે છે, આ પ્રક્રિયામાં મેંદો પ્રવાહી શોષી લે છે અને કર્લિંગને રોકે છે. બૅટર લીસું હોવું જોઈએ. બધા ઘટકો માટેનું મહત્તમ તાપમાન ૨૧°સે. છે.

## ૨. મેંદા બૅટર પદ્ધતિ

આ પદ્ધતિનો ઉપયોગ મુખ્યત્વે ઉચ્ચ-રેશીઓ પ્રકારના કેકના ઉત્પાદન માં થાય છે. આ પદ્ધતિ દ્વારા બનાવવામાં આવેલા કેકમાં, વોલ્યુમનો અભાવ હોવા છતાં, તે સામાન્ય રીતે ભેજવાળી, નરમ, ફાઇન ગ્રેન વાળી હોય છે અને સંગ્રહ શક્તિ વધારે છે. સૌ પ્રથમ મેંદા અને શોર્ટનિંગ્સનું ક્રીમ કરવામાં આવે છે, ત્યાર બાદ, સૂકી સામગ્રી અને ઇંડા લગભગ ૩૫% જરૂરી પ્રવાહી ઉમેરવામાં આવે છે. પૂર્વ-નિર્ધારિત સમય માટે મિશ્રણ કરવામાં આવે છે. છેલ્લે, બાકીનું પ્રવાહી નો ભાગ ઉમેરવામાં આવે છે

અને બૅટર સ્મૂથ ન થાય ત્યાં સુધી મિક્સિંગ ચાલુ રાખવામાં આવે છે. આ રીતે તૈયાર કરેલ બૅટરને કેક પેન માં ભરવામાં આવે છે અને તરતજ બેકિંગ માટે ઓવનમાં મૂકવું જોઈએ. બૅટરમાં લીવિંનીગ આપનારા એજન્ટો ઉમેર્યા પછી, તેઓ રાસાયણિક પ્રક્રિયા કરી કાર્બન ડાય-ઓક્સાઇડ બનાવવાનું શરૂ કરે છે. પ્રવાહી બૅટર માં, આ ગેસં ઉપર તરફ આગળ વધે છે અને એકબીજા સાથે જોડાઈ મોટા કોષ બનાવે છે. તેથી, મિક્સિંગ પછી તરતજ બેકિંગ માટે ઓવનમાં મૂકવામાં આવે છે. બેકિંગ માટે ઓવનનું તાપમાન કેકની ફોર્મુલા, રીચનેસ, પેનની સાઇઝ અને બૅટરમાં ભેજનાં પ્રમાણ જેવા પરિબળો પર આધાર રાખે છે. ખાંડનું પ્રમાણ વધુ હોય તેવા બૅટરને ૩૨૫-૩૫૦°F (૧૬૦-૧૭૫°સે.) નીચા તાપમાનની જરૂર હોય છે, જ્યારે પાતળા મિશ્રણને ૩૫૦-૪૦૦°F (૧૭૫-૨૦૦°સે.) તાપમાને બેક કરવામાં આવે છે. સામાન્ય રીતે લેયર કેક માટેનો બેકિંગ સમય ૧૫-૨૦ મિનિટ અને કપ કેક માટે ૧૦-૧૫ મિનિટ હોય છે.

સારી કેકમાં એકસમાન ખૂબ પ્રમાણમાં કોષો હોય છે.

- રંગ સારો હોવા જોઈએ
- કેકમાં ભેજ હોય ત્યારેજ ખાવી જોઈએ.
- સારો સ્વાદ, અને સારો દેખાવ સાથે આકર્ષક હોવી જોઈએ.

### ૩. જીનોઈ/સ્પોંજ પદ્ધતિ

તેમાં આખા ઇંડાનો ઉપયોગ કરવામાં આવે છે, સ્પોન્જ કેકમાટે ઇંડાનો યોકસ અને ઇંડાની સફેદી અલગ પાડવામાં આવે છે. કેટલાક વખત આખા ઇંડા અને ઇંડાના યોકસને ડબલ બોઈલર અથવા બેન-મેરી પદ્ધતિથી ગરમ કરી બીટ કરવામાં આવે છે. આ પદ્ધતિમાં તૈયાર કરેલ બૅટરને પેનમાં પાડવામાં આવે ત્યારે રીબનનો જેમ પડવું જોઈઓ. આ પદ્ધતિથી બનાવવામાં આવેલી કેક સામાન્ય રીતે લીન કેક હોય છે, તેની મોટા ભાગની ફેટ ઇંડાના યોકસ માંથી આવે છે, પરંતુ, કેટલીક વાનગીમાં બેકિંગ પહેલાં માખણ અથવા તેલ ઉમેરવામાં આવે છે.

### ૪. ઓલ ઇન વન પદ્ધતિ

કેક બૅટર એ ઓઇલ-ઇન-વોટર પ્રકારનું એક ઇમલશન છે અને બાકીના ઘટકો પાણીમાં ઓગળેલા અથવા તરતા હોય છે. બેકિંગ દરમિયાન કેકમાં ભરાયેલી હવા એ ફેટનું ક્રિમિંગ અને ઇંડાને બેકિંગ પાઉડર દ્વારા છુટા પડેલ કાર્બન ડાય-ઓક્સાઇડ અને પાણીના બાષ્પ પર આધારિત છે.

**કેકનું સફળ મિક્સિંગ નીચેના મુદાઓ ઉપર આધાર રાખેછે**

૧. બધા ઘટકોને એક સરખી રીતે મિશ્ર કરવાં

૨. મિશ્રણમાં હવા ભરાવવી જોઈએ

૩. મિશ્રણની અંદર હવા સરખે લાગે વહેચાયેલી હોવી જોઈએ

૪. મોટા હવાના કોષોનું સુક્ષ્મ કોષોમાં રૂપાંતર થવું જોઈએ

તૈયાર મેંદાના મિશ્રણમાં આ પદ્ધતિનો ઉપયોગ થાય છે. ઇમલસિફાઈડ શોર્ટનિંગ્સને આ પ્રક્રિયાના ઉપયોગમાં લેવામાં આવવાથી જુદાજુદા પ્રકારની કેક તૈયાર કરી શકાય.

આ પદ્ધતિમાં, બિટર નો ઉપયોગ થાય છે જે તારથી બનેલું હોય છે. તેના દ્વારા ઝડપથી બીટિંગ કરી અન્ય સામગ્રી મિશ્ર કરી શકાય છે. તેમજ હવા સારી રીતે દાખલ કરી શકાય છે. તેથી ૧૦% જેટલો બેકિંગ પાવડરનો ઉપયોગ કરી શકે.

દા. ત.: **કેક બૅટર માટે; ૩-સ્પીડ મિક્સરનો ઉપયોગ કરવો.**

| | |
|---|---|
| ૧લી ગતિ ૧/૨ મિનિટ | ઘટકોમાં ભેજ ઉમેરવો |
| ૧ લી ગતિ ૧ મિનિટ | મોટા હવાના કોષોને તોડીને નાના કરવા |
| ૩ જી ગતિ ૨ મિનિટ | ઝડપથી તોડી અને હવાને કોષો માં ભરવા |
| ૨ જી ગતિ ૨ મિનિટ | સમગ્ર મિશ્રણમાં હવાને ત્વરિત વિતરિત કરવા માટે. |

**કેક બનાવવાની રીત**

સામગ્રીનું સંપાદન, ગુણવતા ચકાસણી

↓

કાંચા સામગ્રીનો સંગ્રહ

↓

પ્રમાણભૂત રેસીપી મુજબ સામગ્રીનું વજન અને તૈયારી

↓

બૅટર તૈયાર કરવું

↓

બૅટરનું વજન, અને ફૂગમાં લેવલિંગ

↓

બેકિંગ

↓

કેકને ઓરડાના તાપમાને ઠંડી પાડવી

↓

કાપવું અને પેકિંગ કરવું

↓

સંગ્રહ

↓

તૈયાર ઉત્પાદો (કેક) નો ભરી અને પરિવહન

**કેક બનાવટની પ્રાથમિક સાવચેતી**

૧. બૅટરનું તાપમાન: ૨૦-૨૫°સે.
૨. બૅટરની (પ્લાસ્ટિક જેવી) ઘટ્ટતા
૩. વિશિષ્ટ ઘનતા: ૦.૮૦
૪. બેકિંગનું તાપમાન (૧૬૦-૧૮૦°સે.)
૫. પાણી ગ્રહણની ક્ષમતા (૫૨-૫૫%) (ડબલ્યુએસી)
૬. કેકના મેંદાની સેડિમેન્ટેશન વેલ્યુ (૧૫-૨૦ મિલી)

**ગાજરની કેક બનાવટ**

૧. ગાજરની કેક તૈયાર કરવા માટેની સામગ્રી, જેવી કે મેંદો, ફેટ, ખાંડ, ઇંડા, છીલેલા ગાજર અને બેકિંગ પાવડર જેવા ઘટકોનું વજન કરવામાં આવે છે, તેને ચાળવામાં આવે છે અને પ્રક્રિયા માટે તૈયાર રાખવું.
૨. ફેટ અને ખાંડ પ્લેનેટરી મિક્સરમાં ક્રિમ કરવું છે.
૩. ઇંડાના પાંચ ભાગ કરી અને એક એક ભાગ મિશ્રણમાં ઉમેરવામાં આવે છે.
૪. તે પછી મેંદો, છીલેલા ગાજર, બેકિંગ પાવડર અને વેનીલા એસેન્સને પ્લેનેટરી મિક્સરમાં ઉમેરવામાં આવે છે અને ૫ મિનિટ માટે મિક્સ કરવું.
૫. મિશ્રણ કર્યા પછી, તૈયાર કરેલા કેકનું બૅટર ગ્રીસ કરેલ ટ્રે માં લેવામાં આવે છે, અને ટ્રે ને બેકિંગ માટે ટ્રોલીમાં રાખવામાં આવે છે.
૬. પછી તેનો રોટરી ઓવનમાં ૧૮૦°સે. તાપમાને ૩૫ મિનિટ માટે રાખવી.
૭. ત્યાર બાદ ટ્રોલી રોટરી ઓવન માંથી બહાર કાડવી.
૮. કેકને ઓરડાના તાપમાને ઠંડી કરવામાં આવે છે અને સમાન ટુકડા માં કાપવી.

**ગાજરની કેક બનાવવાની પ્રક્રિયા**

સુકા અને ભીના ઘટકોનું વજન કરવું

↓

ફેટ અને ખાંડ નું પ્લેનેટરી મિક્સરમાં ક્રીમ તૈયાર કરવું

↓

ફૂલ ઇંડાના પાંચ ભાગ કરી સમઆંતરે ઉમેરવાં

↓

મેંદો, છીલેલા ગાજર, બેકિંગ પાવડર અને વેનીલા એસેન્સ ઉમેરવું

↓

બેકિંગ ટ્રે માં મૂકો અને ૧૮૦°સે. તાપમાને ૩૫ મિનિટ પકવવું

↓

ઠંડુ કરવું, કાપવી અને પેકિંગ કરવું

**કેકના આવશ્યક ઘટકો**

કેક ફોર્મુલા ને બૅટરના દેખાવ અથવા ગુણધર્મો ને આધારે બે મુખ્ય પ્રકારોમાં વર્ગીકૃત કરી શકાય છે.

૧. **બૅટર પ્રકારની કેક**: આ કેક ઇંડા, મેંદો અને દૂધ પર આધારીત છે અને તેમાં ફેટનું પ્રમાણ વધારે હોય છે. મોટા ભાગે કેકનું કદ બેકિંગ પાવડર દ્વારા મેળવવામાં આવે છે. દા.ત. બટર કેક, પાઉન્ડ કેક, લેયર કેક, ફ્રૂટ કેક.

૨. **ફોમ (ફીણ) પ્રકારનાં કેક**: આ કેકનું કદ ઇંડા ના પ્રોટીનનું વિસ્તરણ અને જામી જવાના ગુણધર્મો પર આધારીત છે.

**ફીણ (ફોમ) પ્રકારની કેકને** ઇંડાના **ઉપયોગને આધારે વર્ગીકૃત કરી શકાય:**

૨.૧. **મીરાઈન્જ અથવા એન્જલ પ્રકારની કેક**: જે માં ઇંડાના સફેદ ભાગ નો ઉપયોગ થાય છે.

૨.૨. **સ્પોન્જ પ્રકારનાં કેક**: જેમાં આખા ઇંડા અથવા ઇંડાના યોલ્ક્સ અથવા બંનેના મિશ્રણનો ઉપયોગ થાય છે.

**૨.૩. ચિફોન પ્રકારની કેક: જેમાં બેટર અને ફોમ (ફીણ) પ્રકારની કેકનું મિશ્રણ છે તેમાં કોષો (ગ્રેન) અને બધારણમાં ફેરફાર જોવા મળે છે.**

**ઘટકોના કાર્યો**

**૧. મેંદા:**

કેકના કદમાં વધારો બેકીંગ પાવડરને કારણે થાય છે. ઓછા પ્રોટીન યુક્ત મેંદા સામાન્ય રીતે કેકના ઉત્પાદન માટે પસંદ કરવામાં આવે છે. મેંદાના કણની સાઈઝ નાની હોવી જોઈએ. હાઈ રેશીઓ કેકના કિસ્સા માં, ખાંડ સ્ટાર્ચના જિલેટીનાઇઝેશન તાપમાનમાં વધારો કરે છે, જેને કારણે ક્રમ્બ-સેટિંગમાં મુશ્કેલી પેદા કરે, કારણે કેક બેકિંગ પછી તૂટી જાય છે. બેકીંગ સમયે ક્રમ્બ સેટિંગ માટે વધુ સમય જરૂરી છે. કેટલીક વખતે કેક તૂટી જાય છે. આ કિસ્સામાં ક્લોરિનેટેડ ફ્લોર્ (મેંદા) પસંદ કરવામાં આવે છે.

મેંદા કેકનો સ્ટ્રક્ચર આપે છે અને તેનો ઉપયોગ અન્ય ઘટકોને એક સાથે રાખવા માટે થાય છે. સામાન્ય રીતે, નરમ ઘઉં માંથી મેળવવામાં આવે છે. કેક બનાવટમાં ઘઉંના પ્રોટીનની ભૂમિકા બ્રેડ જેવી વાનગી કરતા ઘણી ઓછી મહત્વની છે. કેક માટે ઓછા પ્રોટીન વાળો મેંદો ઇચ્છિત છે. મેંદામાં ૭.૦% થી ૮.૫% જેટલું પ્રોટીન હોવું જોઈએ.

આમ, ૮.૦ થી ૮.૫% પ્રોટીન ધરાવતા મેંદામાંથી ઉચ્ચ ગુણવત્તાવાળી બેટર પ્રકારની કેક મેળવી શકાય છે, જ્યારે ફોમ-પ્રકારનાં કેક ૮.૦% થી ઓછા પ્રોટીન ધરાવતા ફ્લોર માંથી તૈયાર કરવામાં આવે છે. મિલર સામાન્ય રીતે કેકના મેંદા માટે શોર્ટ-પેટન્ટ પ્રકારનો મેંદા તૈયાર કરે છે, જેમાં ઓછું પ્રોટીન,ઍશનું (રાખ) પ્રમાણ ૦.૩૮% કરતા ઓછુ હોવું જોઈએ.

કેકના મેંદામાં કણની સાઈઝ એકસમાન હોવા જોઈએ. જેથી કેકનું ક્રમ્બ પાતળી કોષ દીવાલ સાથે બંધારણ સારું મળે છે.

કેકનો મેંદો કલોરિનથી બ્લીચ થઈ શકે છે અને આનાથી મેંદાના પીએચ મૂલ્યમાં ઘટાડો થાય છે. બ્લીચ કરેલા મેંદામાંથી કેક વધુ નરમ બને છે અને તૂટવાની સંભાવના ઓછી હોય છે અને કેકના ક્રમ્બ, ગ્રેઈન, રંગ અને કદમાં વધારે કાદમાં સુધારો કરે છે.

**૨. ખાંડ:**

ખાંડનો ઉપયોગ મુખ્યત્વે કેકમાં તેમજ અન્ય મીઠી વાનગીમાં સ્વીટનર્સ તરીકે થાય છે. કેક બનાવટમાં, ખાંડ ધાન્યના મેંદામાં રહેલું ગ્લુટેન નરમ બનાવે છે, પરિણામે ટેન્ડર બધારણ મળે છે.

ખાંડ બૅટરના કૅરમલાઝેશનની પ્રક્રિયામાં વધારો કરે છે, જેથી કેકનાં ક્રસ્ટમાં રંગ ઝડપી આવે છે અને સુક્રોઝ ખાંડની થોડી ઓછી કરી કેકમાં ભેજ જાળવી રાખે છે. ખાંડ કેકના બધારણ, ભેજ અને રંગ માટે જવાબદાર છે. ઘણા કેક બનવા માટે મુખ્યત્વ્યે વપરાય છે.

ડેક્સ્ટ્રોઝ, કોર્ન સીરપ અથવા ઇન્વર્ટ ખાંડ કેકમાં ઉપયોગ કરી શકાય છે,પરંતુ તે દાણાદાર ખાંડ કરતાં ઓછી મીઠી હોય છે. માલ્ટ અર્ક અને મધ જે અલગ સ્વાદ અથવા રંગમાટે ઉમેરવામાં આવે છે. પશ્ચિમી દેશોમાં, દાણાદાર ખાંડને બદલે પ્રવાહી ખાંડનો ઉપયોગ કરવા તરફ વલણ વધી રહ્યું છે જ્યાં તેઓ ઉચ્ચ ગુણવત્તા વાળા ઉત્પાદો તૈયાર કરી શકાય.

**૩. ફેટ:**

ફેટ એ કેક બનાવટમાં સૌથી પ્રાથમિક ઘટક છે. કેક બનાવટનમાં ફેટ ક્રીમીંગ અને ઇમલસીફાઇંગ નું કાર્ય કરે છે. ફેટ ધાન્યના મેંદામાં રહેલ ગ્લુટેન ને બનવા દેતુ નથી, જેથી શોર્ટ્નેસ્ તરીકે ઓળખાય છે અને પરિણામે કેકનું નરમાશ મળે છે. ફેટની ક્રીમીંગ ક્ષમતા, હવા ભરી રાખવાનું કાર્ય કરે છે. જે કેકમાં સારું કદ અને બધારણ આપે છે. ફેટની ઇમલસીફાઇંગ ગુણધર્મો કર્ડલિંગની પ્રક્રિયા વિના બૅટરમાં કેટલું પાણી સમાવી શકાય તે નક્કી કરે છે. જે ફેટમાં વધારે ઇમલસિફાઇંગ શક્તિ હોય છે, તેને હાઇ-રેશીઓ શોર્ટેનિંગ કહેવામાં આવે છે.

શોર્ટેનિંગ વધુ નરમ બનવવા માટે જવાબદાર છે. કેક ઉત્પાદન માટે શોર્ટેનિંગની પસંદગી કરતી વખતે નીચેના મુદ્દા ધ્યાનમાં લેવા જોઈએ-

- ફેટ પ્લાસ્ટિક ગુણધર્મો વાળું હોવું જોઈએ. તે રૂમના તાપમાને તેમજ ક્રીમિંગ પ્રક્રિયા દરમિયાન જામેલું હોવું જોઈએ.
- દાણાદાર ફેટ હોવું જોઈએ નહિ કારણ કે તેમાં હવા ભરવાની ક્ષમતા ઓછી હોય છે.
- કેકમાં વિશિષ્ટ લાક્ષણિકતાઓ પ્રાપ્ત કરવા માટે, હાઇડ્રોજન યુક્ત શોર્ટનીંગ, માખણ અથવા માર્જરિન જેવા સખત ફેટનો ઉપયોગ થઈ શકે છે.
- ફેટ વધારે સખત અથવા નરમ હોવું જોઈએ નહિ, ખૂબ સખત શોર્ટનીંગને સારી રીતે ક્રીમ કરી શકાય નહીં, જ્યારે વધારે નરમ શોર્ટનીંગ હવા ભરવાની ક્ષમતા ઓછી હોય છે.

**કેક બનાવવા માટે ફેટના પ્રકારો:**

**૧. માખણ:** માખણ એ વોટર-ઇન-ઓઇલ પ્રકારનું એક ઇમલશન છે અને તેમાં મુખ્યત્વે દહીં, દૂધની ખાંડ, ખનિજ ક્ષાર અને લગભગ ૧૪% પાણી સાથે દૂધ અથવા માખણની ફેટનો સમાવેશ થાય

છે. તે ગાયના દૂધના રાયપન ક્રીમને ચરનિંગથી માખણ મેળવી શકાય છે. માખણ ઉત્પાદોને સુગંધ પ્રદાન કરે છે, પરંતુ તેની ક્રીમીંગ અને ઇમલસિફાઇંગ ગુણધર્મો અન્ય ફેટની તુલનામાં ગૌણ છે.

૨. **માર્જરિન**: માર્જરિન એક માખણ જેવું ફેટ છે અને તેમાં દહીં, ખાદ્ય તેલ અને ફેટનું ઇમલશન છે. તે માખણ જેવું જ છે પરંતુ તેમાં માખણના સ્વાદનો અભાવ છે. માર્જરિનમાં ક્રીમીંગ અને ઇમલસિફાઇંગ ગુણધર્મો હોય છે.

૩. **શોર્ટનીંગ**: વનસ્પતિ તેલોને શુદ્ધ અને સખત બનવામાં આવે છે. તેમાં ૧૦૦% ફેટ છે. શોર્ટનિંગ્સને પહેલા કમ્પાઉન્ડ ફેટ કહેવામાં આવતું હતું કારણ કે તે સામાન્ય રીતે શુદ્ધ નાળિયેર તેલ, પામ-કર્નલ તેલ, કપાસ બીજ તેલ અને અન્યમાંથી બનાવવામાં આવે છે. તેમાં વધારે ક્રીમીંગ ગુણધર્મો છે અને આ કારણોસર કેકમાં પણ સામાન્ય રીતે ઉપયોગ થાય છે. શોર્ટનીંગમાં માખણનો સ્વાદ નથી, જરૂર હોય ત્યાં કેકમાં માખણનો ઉપયોગ કરવાની સલાહ આપવામાં આવે છે. જ્યારે ઓછા પ્રમાણમાં માખણનો ઉપયોગ કરવામાં આવે ત્યારે શોર્ટનીંગ કેકમાં ઉત્તમ બધારણ અને વધુ સારા ગુણો આપવામાં મદદ કરે છે. જો શોર્ટનીંગનો ઉપયોગ મિશ્રણમાં માખણ અથવા માર્જરિનના ભાગ બદલવા માટે કરવામાં આવે છે.

શોર્ટનીંગમાં ૧૦૦% ફેટ હોય છે. જ્યારે માખણ અથવા માર્જરિનમાં ફક્ત ૮૪% ફેટ હોય છે. જેથી માખણ માર્જરિનના ઉપયોગ સમયે ૪૫૪ ગ્રામ (૧ પાઉંન્ડ ) ને બદલે ૩૯૬ ગ્રામ (૧૫૪ ઔંશ) શોર્ટનીંગનો ઉપયોગ કરવો જોઈએ.

૩.૧. **હાય-રેશીઓ શોર્ટનીંગ અથવા માર્જરિન**: આ વિશિષ્ટ ફેટ છે જેમાં ઇમલસિફાઇંગ ગુણધર્મો છે. જેથી તેઓ વધુ ખાંડ અને વધુ પ્રવાહી ધરાવતી કેક ના ઉત્પાદન માટે યોગ્ય છે.

૩.૨. **વનસ્પતિ તેલ**: આ વનસ્પતિ તેલ છે. સામાન્ય તાપમાને પ્રવાહી હોય છે. શાકભાજી તેલનો ઉપયોગ મોટા ભાગે ચિફોન કેકના ઉત્પાદનમાં થાય છે.

૩.૩. **લાર્ડ**: ભૂંડ ની ફેટ યુક્ત પેશીઓ માંથી ફેટ તૈયાર કરે છે. શુદ્ધ લાર્ડનું ક્રીમિંગ સારું થતું નથી પરંતુ લાર્ડ ને પ્રક્રિયા કરી સારી ક્રીમીંગ ગુણધર્મો મેળવી શકાય છે.

૪. **લીવીનીંગ એજન્ટો**: ફેટ અને ખાંડના ક્રીમીગ દ્વારા હવાને ભરી અથવા લીવનીંગ એજન્ટોનો ઉપયોગ કરીને કેકના કદમાં વધારો કરવામાં આવે છે. કેક ઉત્પાદન માટે સામાન્ય રીતે ડબલ-એક્ટિંગ બેકિંગ પાવડરનો ઉપયોગ કરવામાં આવે છે. કેકમાં હલકાપણ અને વધુ ઇચ્છનીય છે. બૅટરના મિશ્રણ દરમ્યાન અને બેકિંગ ઓવનમાં લીવીનીંગ એજન્ટ ગેસં બનાવે છે. વ્હીપીંગ અથવા ક્રીમિંગ દ્વારા બૅટરમાં રહેલ હવા પણ કેકનું કદ વધારે છે. ઇંડા અને શોર્ટનીંગને વ્હીપ અથવા ઇમલસીફાય કરવા એ પણ લીવીનીંગના પ્રક્રિયાનો ભાગ છે.

કેકમાં બેકિંગ પાવડરનો ઉપયોગ લીવીનીંગ એજન્ટ તરીકે કરાય છે. બેકિંગ પાવડરમાં સોડિયમ બાયકાર્બોનેટ અને એસિડ લીવીનીંગ એજન્ટનું સંતુલિત પ્રમાણ હોય છે. કેકની જરૂરિયાત પ્રમાણે એસિડ લીવનીંગ માટે, ઘણા બધા રસાયણોનો ઉપયોગ થાય છે. કેકમાં સામાન્ય રીતે ડબલ એક્ટિંગ બેકિંગ પાવડરનો ઉપયોગ થાય છે.

૫. **ઇંડા**: ઇંડા બેકરી ઉત્પાદો અને કેક માટે મહત્વનું ઘટક છે. ઇંડા જે કેકમાં સ્ટ્રક્ચર, ભેજ, સ્વાદ અને રંગ આપે છે. ફોમ પ્રકારની કેકમાં હવા ભરી રાખવામાં ઇંડા મુખ્ય ભૂમિકા ભજવે છે અને તે કેકને સારૂ, કદ, ગ્રેઈન અને બધારણ આપે છે. ઇંડા, ઇંડાની સફેદી (ઓવલુબ્યુમિન), અને દૂધનું પ્રોટીન ફોમ સ્ટેબિલાઇઝર્સમાં મહત્વનું છે, જે હવાના કોષોને તૂટતા અટકાવે છે.

૬. **મીઠું**: મીઠાનો ઉપયોગ મીઠાશ ઓછી કરવામાં થાય છે અને તે સુગંધમાં સુધારો કરે છે.

૭. **સુગંધ**: ફ્લેવર અર્ક ઈથાયીલ આલ્કોહોલ અથવા કેટલાક અન્ય સોલવન્ટ્સના દ્રાવણ છે. ફળ અથવા બીનનું એસેન્સીયલ ઓઈલ છે. હાલમાં ઘણાં સુગંધ આપનાર ઘટકો ઉપલબ્ધ છે. સ્વાદોની શક્તિમાં (સ્ટ્રેન્થ) ભિન્નતાને કારણે, સુગંધની તીવ્રતાને આધારે પ્રમાણ નક્કી કરી શકાય. ફ્લેવરિંગ એજન્ટોનો ઉપયોગ માત્ર કેકને સુગંધ આપવાનું કાર્ય કરે છે.

૮. **પાણી**: કેકના બૅટરમાં ખાંડ, મીઠું અને અન્ય સોલિડ તત્વોને ઓગળવા માટે પાણી પૂરતા પ્રમાણમાં હોય છે. પાણી કેકમાં ભેજ અને બૅટરની ઘટ્ટતાનું નિયંત્રણ કરે છે. જે બેકિંગ પાવડર દ્વારા ઉત્પન્ન થતા ગેસંને વધુ સારી રીતે જાળવી રાખવા માટે કાર્ય કરે છે. તે મેંદામાં પ્રોટીનનો વિકાસ કરે છે.

## કાચા માલનો સંગ્રહ

ઘટકો જથ્થા બંધ અને ઓછા જથ્થામાં મેળવવામાં આવે છે. બેકરીમાં મેંદો, સ્વીટનર, શોર્ટનીંગ, તેલ અને યીસ્ટ અને અન્ય લીવીનીંગ એજન્ટો વધારે જથ્થો હોય છે. સુકા ઘટકો ને ભેજ રહિત સૂકા સ્થાને સંગ્રહિત કરવા જોઈએ અને ઝડપથી ખરાબ થતી સામગ્રી ઠંડા વાતાવરણમાં સંગ્રહિત કરવી જોઈએ. પેકેજિંગ પહેલાં, ઉત્પાદોને બેકિંગ પછી લગભગ ૨૧°સે. સુધી ઠંડુ કરવું આવશ્યક છે.

## કેકના ખામીઓ અને ઉપાયો:

કેકની ગુણવત્તાને અસર કરનાર પરિબળો નીચે પ્રમાણે છે.

૧. અયોગ્ય ફોર્મ્યુલા
૨. ઓછી ગુણવત્તાવાળા ઘટકોનો ઉપયોગ
૩. પ્રક્રિયા કરવાની અયોગ્ય પદ્ધતિ જેમ કે મિશ્રણ, બેકિંગ, ઘટકો ઉમેરવાનો ક્રમ વગેરે.

કેકના આકાર, રંગ, બધારણ, સ્વાદ વગેરે પર અસર કરી શકે છે. સારી ગુણવત્તા વાળી કેક તૈયાર કરવા માટે, સામાન્ય ખામીના કારણો જાણવા જરૂરી છે.

## સામાન્ય કેકની ખામી છે

૧. આકારની ખામી
૨. બંધારણનો ખામી
૩. સંરચનાની ખામી
૪. પોપડીની (ક્રસ્ટ) ખામી
૫. ક્રમ્બની ખામી
૬. અન્ય ખામી

## ૧. આકારની ખામી અને ઉપાયો

**૧.૧. વધારે ખાંડ:** ફોર્મ્યુલામાં વધુ પડતી ખાંડ કેક તૂટી જવાનું કારણ બની શકે છે. અને ખાંડના કણો કેકની સપાટી પર સફેદ સ્પોટ (ફોલ્લીઓ) તરીકે દેખાવાનું કારણ બની શકે છે. તેમજ ખાંડ,

મેંદા અને ઇંડાના પ્રોટીનને નરમ બનાવી બેકિંગ સમયે બંધારણ તૂટવાની શક્યતા હોય છે. આ ખામીને નિવારવા માટે ફોર્મ્યુલા પ્રમાણે ખાંડનો ઉપયોગ કરવો જોઈએ.

**૧.૨. બહુ ઓછું પ્રવાહી**: ઓછુ પ્રવાહી વધુ અથવા ઓછી ખાંડ જેવી ખામીઓ આપે છે.

**૧.૩. ગુંજબ આકાર**:

**૧.૩.૧. સખત મેંદા**: સામાન્ય રીતે કેક બનાવવા માટે નરમ મેંદાનો ઉપયોગ થાય છે. જ્યારે સખત મેંદાનો ઉપયોગ કરવામાં આવે ત્યારે ગ્લુટેન વધુ બને છે અને કેક ગુંજબ આકારની બને છે.

**૧.૩.૨. હવા ઓછી ભરવી**: વધુ અથવા ઓછા મિક્સિંગ દ્વારા આ ખામી થઈ શકે છે. વધુ મિક્સિંગ થી હવા બહાર નીકળી જાય છે અને કેક ગુંજબ આકારની બને છે જયારે ઓછી મળશે. હવા થી કેકનું કદ ઓછુ માંલશે. મિક્સિંગ સમય યોગ્ય રાખવી જોઈએ. જ્યારે ઓછુ મિક્સ કરેલ કેક બેટરમાં હવા ઓછી હશે જેથી કેક મિક્સિંગનો સાચો સમય આપવો જરૂરી છે.

**૧.૩.૩. ઉપરનું તાપમાન વધુ: ઓવનમાં ઉપરનું તાપમાન વધુ હોય ત્યારે કેક વચ્ચેના લાગથી વધુ ફૂલશે, તાપમાન વધુ હોવાને કારણે ક્રસ્ટ ઝડપથી તૈયાર થશે, બેકિંગ સમયે કેકનું કદ વધતું હોવાથી ક્રસ્ટ તૂટશે. જે નિવારવા માટે ઓવનમાં તાપમાન એકસમાન હોવું જરૂરી છે.**

**૧.૪. ઉપરની સપાટી સમાંતર**

**૧.૪.૧. સ્ટ્રક્ચર આપનાર સામગ્રીનો વધુ ઉપયોગ**: વધુ બેકિંગ પાવડરના ઉપયોગથી મેંદો અને ઇંડાના પ્રોટીન ની હવા ભરવાની ક્ષમતા કરતા વધુ કાર્બન ડાયોક્સાઈડ ગેસંને કારણે ઉપરની સપાટી સમાંતર અથવા ખાડાવાળા કેક તૈયાર થાય છે. જે નીવારવા માટે બેકિંગ પાવડરનો ઉપયોગ યોગ્ય જથ્થામાં કરવો જોઈએ.

**૧.૪.૨. ઓછું પ્રવાહી**: ઓછી પ્રવાહી ઉપયોથી ખાંડ બેટરમાં રહેલ ખાંડ અને બેકિંગ પાવડર સંતુલન જળવાય નહિ. તો ક્લોજ ગ્રેઈન સ્ટ્રક્ચર આપશે.

**૧.૪.૩. ઓવનમાં ઓછું તાપમાન**: આ સમયે કેક ધીમે, વધુ ફૂલશે તેમજ સપાટ કેક તૈયાર થશે. લેયર વાળી કેક તૈયાર કરવા માટે ઓછા તાપમાનની જરૂર હોય છે. કેક ગુબજ આકારની

તૈયાર કરવી હશે તો ઓળખવામાં સામાન્ય કેકના તાપમાન કરતા ૫°સે. તાપમાન વધુ રાખવું જોઈએ.

**૧.૪.૪. ફેટ અને ઇંડાનું અયોગ્ય પ્રમાણ**: ફેટનું પ્રમાણ ઇંડા કરતા વધુ હશે કેક ઉપરથી સપાટી તૈયાર થશે આ ખામી દૂર કરવા માટે ફોર્મુલા બેલેન્સ ના નિયમ પ્રમાણે ફેટ ના પ્રમાણ કરતા ઇંડાનું પ્રમાણ ફેટના પ્રમાણ જેટલું અથવા થોડું વધુ રાખવું.

**૨. બંધારણની ખામી**

**૨.૧. ક્રસ્ટની નીચેના ભાગ માં કાચુ રહેવું**

**૨.૧.૧. કાચુ રહેવું**: કેકનો વચ્ચેનો ભાગ બેકિંગ દરમિયાન છેલ્લા સમયમાં સેટ થાય છે. આ પ્રકારની કેકમાં ભેજનું પ્રમાણ વધુ રહે છે. અને કાચી રહે છે. આમ ના થાય તે માટે ૫°સે. તાપમાન ઓછુ રાખું જોઈએ .

**૨.૧.૨. બેકિંગ સમય એકાએક કેક ફૂલવી**: બેકિંગ દરમિયાન કેક એકાએક કુલે ત્યારે કેકેના વચ્ચે ના ભાગ માં કોષો તુટી જાય છે. કેક પકવતા સમય ઓવનને ખોલવું નહિ. પાકવાના નિર્ધારિત સમય પહેલા કેકને ઓવન માંથી કાઢવી નહિ.

**બેકિંગનું પરીક્ષણ**

કેક બેક થઈ છે કે નહીં તે ચકાસવા માટે, આંગળી ઓથી સપાટીપર સ્પર્શ કરવામાં આવે છે. જો વધુ દબાણ કરવામાં આવે તો આ કેક વચ્ચે થી બેસી જશે. સામાન્ય સ્પર્શ દ્વારા તેની ચકાસણી કરવી જોઈએ.

**૨.૧.૩. કેકમાં મોટા છિદ્રો**

**૨.૧.૩.૧. બૅટરની ઘટ્ટતા વધુ**: કેક બૅટરના છેલ્લા સ્ટેજ માં વધુ મિક્સિંગ કરવાથી થાય છે. જે માટે મેંદો બરાબર મિકસ થઈ જાય ત્યારે મિક્સિંગ અટકાવી દેવું જોઈએ.

**૨.૧.૩.૨. બેટરમાં ફેટના ગઠ્ઠા**: ઓછુ મિક્સિંગ અથવા બાઉલ ની સપાટી પર ચોટેલ બેટર દ્વારા ગઠ્ઠા જોવા મળે છે. આ માટે મિક્સિંગ યોગ્ય કરવું તેમજ વારવાર બેટરને સપાટી પરથી લઈ મિકસ કરવું જોઈએ.

**૨.૧.૩.૩. વજન દરમિયાન હવા ભરાવવી**: ઓછા ઓછા ભાગમાં બેટરનું વજન કરવાથી તેમાં હવા ભરાય છે. જે માટે એક સાથે વધુ બેટર લઈ વજન કરવું. આ સંભોગમાં ઉમરેલ ફળ કેકની નીચે ની સપાટી પર બેસી જાય છે.

**૨.૧.૩.૪. ઢીલું બેટર**: કેક બેટર વધુ ઢીલું હશે ત્યારે ફળો કેકની સપાટી નીચે બેસી જશે. તે માટે કેકમાં જરૂરી પ્રવાહી ઉમેરવું જોઈએ.

**૩. બંધારણનો અભાવ**: મેંદામાં પ્રોટીનનું પ્રમાણ ઓછુ અથવા મેંદો અને ઇંડાની ગુણવતા નબળી હોય તો ફળો નીચે બેસી જશે. ફ્રુટ કેક તૈયાર કરવા માટે મધ્યમ સખત મેંદા નો ઉપયોગ કરવો જોઈએ. મેંદાને યોગ્ય રીતે મિક્ષ કર્યા બાદ ફળો ઉમેરવા જોઈએ.

**૩.૧. ખાંડનું વધુ પ્રમાણ**: કેકમાં વધુ ખાંડ બેકિંગ સમયે બંધારણના સેટિંગમાં વિલંબ કરે છે. જો વધારે ખાંડનો ઉપયોગ કરવામાં આવે તો બેકીગ ના છેલ્લા સમય દરમ્યાન ફળો નીચે બેસી જશે. ખાંડનું પ્રમાણ ફોર્મુલા પ્રમાણે વજન કરી લેવું જોઈએ.

**૩.૨. બેકિંગ પાવડરનું વધારે પ્રમાણ**: બેકિંગ પાવડરના વધુ ઉપયોગથી પ્રોટીનને નરમ બનાવી, કોષો ને મોટા બનાવશે અને ફળો નીચે બેસી જશે. જે માટે બેકિંગ પાવડરનું પ્રમાણ યોગ્ય લેવું જોઈએ.

**૩.૩. અયોગ્ય બેકિંગ તાપમાન**: ફ્રુટ કેકને નીચા તાપમાને પક્વવાથી તેને વધુ સમય જરૂરિયાત રહેશે. જેથી ફળો નીચે બેસી જવાની સંભાવના વધુ રહશે. જે માટે કેકનું બેકિંગ તાપમાન યોગ્ય હોવું જોઈએ.

## ૪. સંરચનાની ખામી

### ૪.૧. સંરચનાની ખામી

**૪.૧.૧. અપર્યાપ્ત બેકિંગ પાવડર**: બેકિંગ પાઉડર નું પ્રમાણ ઓછુ હોવાને કારણે કેકનું કદ ઓછું મળશે અને કેકની વિશિષ્ટ ઘનતા વધુ રહશે જેથી બેકિંગ પાવડરનું વજન કાળજી પૂર્વક કરવું આવશ્યક છે.

**૪.૧.૨. વધુ પ્રવાહી**: કેકનું કદ ઓછુ મળશે અને કેક વજનમાં ભારે લાગશે.

**૪.૧.૩. ઓછી ખાંડ**: ખાંડનું ઓછુ પ્રમાણથી કેક ઝડપથી સેટ થાય છે, અને કેક ફૂલવામાં સમય ઓછો રહે છે.

**૪.૧.૪. ગરમ બૅટર**: સામગ્રીનું તાપમાન વધુ હોય તો તેમાં પૂરતી હવા ભરાઈ શકતી નથી. આના કારણે ઓછુ કદ ક્લોઝ ગ્રેઈન સંરચના  મળે છે. દરેક સામગ્રીનું તાપમાન ૨૫°સે હોવું જરૂરી છે

### ૪.૨. મોટા કોષ વાળું સંરચના

**૪.૨.૧. વધુ બેકિંગપાવડર**: વધારે બેકિંગ પાઉડર વધુ ગેસં ઉત્પન્ન કરે છે અને ઓપન ગ્રેઈન ટેક્સચર અને એસિડીક સ્વાદ આપે છે. કેકના ફોર્મ્યુલા પ્રમાણે બેકિંગ પાવડરનું વજન કાળજી પૂર્વક લેવું જોઈએ.

**૪.૨.૨. અપરતું પ્રવાહી**: આ બેકિંગ પાવડર જેવી જ અસર કરે છે. પ્રવાહી ઓછું હશે, તો ઓપન ગ્રેઈન સંરચના આપે છે.

**૪.૨.૩. વધુ ખાંડ**: વધારે પ્રમાણમાં ખાંડનો ઉપયોગ કરવાથી કેકને ઓપન ગ્રેઈન સંરચના આપશે અને કેક બેકિંગ સમયે ધીમે ધીમે સેટ થાય છે.

**૪.૨.૪. ઓછું મિક્સિંગ**: જ્યારે ઘટકોને મિક્સિંગ કરવામાં આવે ત્યારે એક ઇમલશન તૈયાર થાય છે અને લાંબા સમય સુધી મિક્સિંગ કરવાથી ઘટકો ફેલાઈ જાય છે અને વધુ સારી રીતે ઇમલશન

રચાય છે. મિક્સિંગનો સમય ઓછો રાખવાથી ઘટકો યોગ્ય મિશ્ર થતાં નથી યોગ્ય ઇમલશન થતું નથી અને એકસમાન  સંરચના મળતી નથી.

**૪.૨.૫. ઠંડુ ઓવન:** જેમ કે વધારે ગરમ ઓવન બેકિંગ સમયે કેકને ફૂલવામાં અવરોધ કરે છે. તેજ રીતે  ઠંડા ઓવન પણ કેકને ઓપન ગ્રેઈન ટેક્સચર આપશે. જેને અટકવા માટે ઓવનમાં તાપમાન યોગ્ય રાખવું જોઈએ.

**૫. ક્રસ્ટની (પોપડા) ખામી**

**૫.૧. જાડુ ક્રસ્ટ**

**૫.૧.૧. ખાંડનું વધારતે પ્રમાણ:** જ્યારે ખાંડનું દ્રાવણ ગરમ કરવામાં આવે છે, ત્યારે ધીમે ધીમે પાણી ઓછું થાય છે. જ્યારે થોડું પાણી રહે છે ત્યારે ખાંડ બદામી રંગ આપે છે જેને કૅરામલાઈઝેશન કહેવાય છે. કેકના બૅટરમાં ખાંડ વધવા થી ઘનતા વધશે. બેકિંગ દરમિયાન કૅરામલાઈઝેશનનો દર વધુ થશે. આ સંભોગમાં કેકનું ક્રસ્ટ ની જડાઈ વધુ મળશે તથા ઘણીવાર તેના લીધે કેકની અંદર ના ભાગ નો રંગ પણ ખરાબ થઈ જાય છે.

**૫.૧.૨. દૂધ અથવા પ્રવાહીનું બહુ ઓછું પ્રમાણ:** પ્રવાહીની ઓછી માત્રા થી ખાંડના દ્રાવણની ઘનતા વધે છે.

**૬. અન્ય ખામી**

**૬.૧. બેકિંગ દરમિયાનની ખામીઓ:** જ્યારે બેકિંગ કરતી વખતે ઓવન વધારે ગરમ હોય, ત્યારે કેક ની આસપાસ જાડી પોપડી બને છે. જો ઉપરની ગરમીનું પ્રમાણ વધુ પડતી હોય છે, તો કેકની ઉપર ની પોપડી જાડી બને છે. જ્યારે કેક ઠંડા ઓવનમાં બેક કરવામાં આવે છે, ત્યારે કેકના પોપડી બનતા વધુ સમય લાગે છે અને તેથી વધુ જાડુ બને છે. વધુ પડતાં પ્રમાણમાં બેકિંગથી પણ પોપડી જાડી બને છે, યોગ્ય તાપમાને સાવચેતી પૂર્વક થયેલા બેકિંગમાં આ ખામીઓ દૂર થાય છે.

**૬.૨. બેકિંગ પહેલા કેક ને વધુ સમય પડી રાખવા**: જો બીબામાં ઢાવેલું બૅટર વધુ સમય સુધી પડતું રાખવામા આવે તો તેની સપાટી ઉપર થી ભેજ ઊડી જાય છે, જેથી વધુ પડતું કૅરામલાઈઝેશન થાય છે.

**૬.૩. ક્રમ્બલ થઈ જવું**

**વીક અથવા ખોટા પ્રકારનો મેંદા**: જો મેંદા નરમ હશે તો કેક ની સંરચના માં ઉહાય રહી જશે જેમ કે છરી થી કાપતી  વખતે તેમાંથી આ ફળો ને ટુકડા બહાર નીકળી જશે. જયારે વધુ માત્ર માં ફળો અથવા ચેરી નો કેકમાં ઉપયોગ કરવો હોય તો વધુ પ્રોટીન યુક્ત મેંદા નો કેક માં ઉપયોગ કરવો.

**૬.૪. અસંતુલિત મિશ્રણ**: ઇંડા ની માત્ર બહુ ઓછી હશે તો કેક કમજોર બનશે જયારે વધુ માત્રામાં ખાંડ થી કેક બહુ નરમ બને છે. પ્રવાહી ની માત્રા જરૂરિયાત થી ઓછી હશે તો કેક સુકી બને છે.

**૬.૫. સુકામેવાનો ઉપયોગ**: જો સુકામેવાઓ ને સરખા ધોવા માં નહિ આવે તો, તે બૅટર નો ભેજ શોષી લે છે, જેથી કેક સુકી અને ક્રમ્બલ બને છે. આ રીતે પરીસ્થાપન કરેલા સુકામેવા વાપરવાથી કેક સમય સાથે સુધારે છે. ઓછા પ્રમાણ માં સુકામેવા ધરાવતી કેક ત્વરિત સુકાઈ નહિ જાય.

**૬.૬. અયોગ્ય બેકિંગ**: વધુ બેકિંગ અથવા ધીમેં બેકિંગ કરવાથી કેક સુકી બનશે. યોગ્ય રીતે કાપી શકાય તેવી કેક બનાવવા માટે સાવચેતી પૂર્વક બેકિંગ કરવું અત્યંત જરૂરી છે.

**ઉત્પાદકો ને થતા પડકારો**

- બજારમાં ભાવની-સંવેદનશીલતા
- મુખ્ય ઘટક મેંદાની વધતી કિંમતો, અને અન્ય કાચા માલ જેવા કે તેલ, ફેટ અને ઇંડાની વધતી કિમતો.
- સરકારી નિયમો
- માંગ –પુરવઠા સાંકળ

## પડકારોને દૂર કરવાનાં લેવાતા પગલાં

- બેકિંગ ઉદ્યોગમાં ગુણવત્તાવાળા સંતુલન કરવાથી પડકારોને પહોંચી વળવા નિર્ણાયક છે – અને તે યોગ્ય સાધનો વગર પ્રાપ્ત કરવું લગભગ અશક્ય છે.
- ઉત્પાદકો માટે યોગ્ય તે ફાયદાઓ: રેસીપી આધારિત ઉત્પાદન, યોગ્ય તે વિશ્લેષણ અને એકીકૃત કરવા અંગેના આધાર ઉપર ઉત્પાદન કરવો જોઈએ.

## પ્લેનેટરી મિક્સરના તકનીકી લાક્ષણિકતાઓ

- ઇલેક્ટ્રિક સંસ્કરણ
- ક્ષમતા: ૧૫ લિટર
- બેટર ક્ષમતા: ૧૬ કિલો
- ગતિ: અનેક ગતિથી ચલાવી શકાય
- એસ.એસ. બાઉલ, ફ્લેટ બીટર, વ્હીસ્કર, ડૌ ફૂક સ્ક્રાપર અને ટ્રોલી જેવી એસેસરીઝ
- મોટર ફેજ: ૩/૧
- મોટર: નામાંકિત કપનીવાળી મોટર

## રોટરી ઓવનની તકનીકી લાક્ષણિકતાઓ

- પ્રકાર: રોટરી
- ક્ષમતા: ૧૦૦કિ.ગ્રા.
- ટ્રે: ભરવું મેંદા દીઠ ૧૨ બ્રેડ
- કદ: ૩૦૨૦ (W: પહોલાઈ ) x ૨૨૫૦ (D: વ્યાસ) x ૨૪૦૦ (H: ઉચાંઈ) mm
- મહત્તમ તાપમાન - 300°સે.
- પાવર: ૪.૫ KW (કિ. વેટ)

## વેઇંગ સ્કેલની તકનીકી લાક્ષણિકતાઓ

- ઇલેક્ટ્રોનિક વજન કાટો–૦૧ ગ્રા.થી ૧૦કિ.ગ્રા. અને ૧૦ થી ૧૨૦ કિ.ગ્રા. સુધી ક્ષમતા
- ૧૨૦કિ.ગ્રા.x ૨૦ગ્રા.ચોકસાઈ , પ્લેટફોર્મ સાઇઝ ૬૦૦x ૬૦૦મિ.મિ.-એમ.એસ. પ્લેટ સાથે

**ગાજરની કેકનું પેકેજિંગ**

પેકેજિંગ એ મહત્વપૂર્ણ છે કારણ કે તે ખોરાકના વિતરણને સમયે સહાય કરે છે, અને ઝડપી તથા વિશ્વસનીય વિતરણ કરવામાં મદદ કરે છે, ગ્રાહકોને ઉપલબ્ધ ખોરાકમાં વધુ પસંદગીની મંજૂરી આપે છે અને કુપોષણ ઘટાડવામાં મદદ કરે છે. પેકેજિંગ લણણી પછીના થતા નુકસાનને પણ ઘટાડો કરે છે, જેના લીધે ઉત્પાદકોની આવક વધે છે. તેથી, વિકાસશીલ દેશોમાં પર્યાપ્ત પેકેજિંગ, ખોરાકના વપરાશની રીત અને ખાવામાં આવતા પ્રમાણની બંને પર ખુબજ અસર કરે છે.

બેકરી ઉત્પાદનો આંતરરાષ્ટ્રીય ખાદ્ય બજારનો મુખ્ય ભાગ બની રહ્યા છે, બેકિંગ ઉદ્યોગ હાલમાં ઝડપથી પરિવર્તનનો સમયગાળો પસાર કરી રહ્યો છે. બેકિંગ ઉદ્યોગ એ તંદુરસ્ત આહાર શૈલી અને ગ્રાહકોની તાજી પેદાશો માટેની માંગને સંતોષવાનો પ્રયત્ન કરવો જોઇએ. ફૂડ ટેકનોલોજિસ્ટ્ એ યોગ્ય પ્રકારનું પેકેજિંગ પસંદ કરવું પડશે જે બેકરી ઉત્પાદનો માટે જરૂરી સંગ્રહ શક્તિની ખાતરી આપી શકે. બજારમાં ઉત્પાદનની સફળતા સંરચના અને ઉત્પાદન ઉપર આધારિત હોવી જોઈએ, જેમાં સારી ગુણવત્તા વાળી કાચી સામગ્રી અને અદ્યતન તકનીકોને સમાવેશ થાય છે. ફૂડ પેકેજિંગનું મુખ્ય કાર્ય તે પ્રતિક્રિયાઓ ને ઘટાડ વાનું છે જે ઉત્પાદનની સ્થિરતાને અસર કરે છે. બેકરી ઉદ્યોગમાં અને ઘણા કિસ્સાઓમાં ફુગથી બગાડ થાય એ સામાન્ય છે; વધુમાં ફૂગ, વધારો-ભેજ અને મધ્યમ ભેજ એ બેક કેકનો ઉત્પાદન અને સંગ્રહ શક્તિ નક્કી કરે છે. બેકિંગ કરવાથી મોટા ભાગે ફૂગનું નાશ થાય છે. જો કે, ઠંડ અને પેકેજિંગ કર્યા પછી પુન પ્રદૂષણ ન થઈ શકે છે.

**પેકેજિંગનું વર્ગીકરણ**

૧. પ્રાથમિક (પ્રાઇમરી) પેકેજિંગ
૨. ગૌણ (દ્વિતીય) પેકેજિંગ
૩. ત્રીજુ (ત્રિતીય) સ્તરનું પેકેજિંગ

**પેકેજિંગના કાર્યો**

| પ્રાથમિક પેકેજિંગ | દ્વિતીય પેકેજિંગ | ત્રીજુ (ત્રિતીય) સ્તરનું પેકેજિંગ |
|---|---|---|
| સંયોજન | સંચાર | વધારાના કાર્યો |
| વહન | સેવા | |
| સંગ્રહ | ખાતરી | |
| પરિવહન | | |

## કેકની મૂળભૂત લાક્ષણિકતાઓ

- ભેજવાળી બેકરી ઉત્પાદન
- ભેજવાળી સામગ્રી (>૧૨%)
- પાણીની પ્રવૃત્તિ (aw.) = ૦.૬૦-૦.૮૫
- ભેજ (૧૦-૧૫%)
- ઓછી સંગ્રહ શક્તિ

કેક ઓછી સંગ્રહ શક્તિ ધરાવતો, મધ્યમ ભેજવાળી ઉત્પાદનોની શ્રેણી માં આવે છે. આ ઉત્પાદનોમાં ભેજનું પ્રમાણ (>૧૨%), નાજુક બધારણ અને વધારે પાણીની પ્રવૃત્તિ ધરાવે છે, જેની વચ્ચે ૦.૬૦ થી ૦.૮૫ ની વચ્ચે ઓછો પ્રતિકાર અને છુટ્ટુ પડવાની વૃત્તિ છે. તેમની મૂળભૂત ગુણધર્મો નીચે આપેલા કોષ્ટકમુજબ છે.

| ગુણધર્મો | ઉત્પાદનોની મૂળભૂત લાક્ષણિકતાઓ |
|---|---|
| સામાન્ય<br>ભૌતિક-રાસાયણિક | ખોરાક મધ્ય અને લાંબા સમય સુધી સંગ્રહ<br>નાજુક<br>ઓછો વજન<br>ઓછી પ્રતિકાર શક્તિ<br>અલગ અલગઆકાર અને કદ |
| ઓર્ગેનોલેપ્ટીક | કોમલ અને ક્રીમી બંધારણ<br>વિશિષ્ટ સ્વાદો<br>બગડેલા સ્વાદ (વાસી અથવા સાબુ જેવા)<br>દેખાવામાં (સૂકાઈ જાવાના) |
